Regd. R.N.I. No. : GUJGUJ/18009

# ન્યૂઝ ક્લીક

News Click Weekly – સાપ્તાહિક

Year : 1 • Issue :31• Date : 21-12-2023 • Page - 4 • Yearly Subscription : Rs. 50/- • Rs. 1-00 • E-mail : newsclick@gmail.com

Office: C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office, Junagadh, Gujarat • Editor : Vijyaben V. Sisidiya • Mo. 98790 84567

# રાષ્ટ્રપતિની ચૂંટણી પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ નહી લડી શકે



નવી દિલ્હી,

રાષ્ટ્રપતિની ચૂંટણી માટે પ્રચાર કરી રહેલા અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને મોટો ઝટકો લાગ્યો છે. કોલોરાડો રાજ્યની મુખ્ય અદાલતે મંગળવારે કેપિટલ હિંસા કેસમાં ટ્રમ્પને યુએસ બંધારણ હેઠળ રાષ્ટ્રપતિ પદ માટે અયોગ્ય જાહેર કર્યા છે. કોર્ટે રિપબ્લિકન પાર્ટી તરફથી વ્હાઈટ હાઉસની રેસમા સામેલ રિપબ્લિકન પાર્ટીના મુખ્ય દાવેદાર ટ્રમ્પને રાષ્ટ્રપતિ પદ માટેના રાજ્યના પ્રાથમિક મતદાનમાંથી દૂર કર્યા છે. અમેરિકાના ઈતિહાસમાં આ પહેલીવાર બન્યું છે કે ૧૪મા સુધારાની કલમ ૩નો ઉપયોગ રાષ્ટ્રપતિ પદના ઉમેદવારને ગેરલાયક ઠેરવવા માટે કરવામાં આવ્યો છે. કોલોરાડો હાઈકોર્ટે તેના ૪-૩ બહુમતી નિર્ણયમાં કહ્યું કે, મોટાભાગની કોર્ટ માને છે કે ટ્રમ્પ ૧૪મા સુધારાની કલમ ૩ હેઠળ રાષ્ટ્રપતિ પદ સંભાળવા માટે અયોગ્ય છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર ટ્રમ્પ વિરુદ્ધ ચુકાદો આપનાર કોર્ટના તમામ જજોની નિમણૂક ડેમોક્રેટિક પાર્ટીના ગવર્નરો દ્વારા કરવામાં આવી હતી. કોલોરાડો સ્ટેટની હાઈકોર્ટે ડિસ્ટ્રિક્ટ કોર્ટના જજના નિર્ણયને પલટીને આ આદેશ આપ્યો હતો. નીચલી અદાલતે કહ્યું હતું કે ટ્રમ્પે ૬ જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ કેપિટલ (યુએસ સંસદ) પર હુમલા માટે ટોળાને હિંસા માટે ઉશ્કેર્યા હતા.

પરંતુ ટ્રમ્પને રાષ્ટ્રપતિની ચૂંટણી લડવાથી રોકી શકાય નહીં કારણ કે તે સ્પષ્ટ નથી કે બંધારણની તે કલમ રાષ્ટ્રપતિ પદને આવરી લે છે કે કેમ. હાઈકોર્ટે તેના નિર્ણય પર ૪ જાન્યુઆરી સુધી અથવા યુએસ સુપ્રીમ કોર્ટ આ મામલે નિર્ણય ન કરે ત્યાં સુધી સ્ટે આપ્યો હતો. આ નિર્ણય સાથે હવે યુએસ સુપ્રીમ કોર્ટ માટે એ નિર્ણય લેવો પડકારરૂપ બનશે કે શું ટ્રમ્પ રિપબ્લિકન પક્ષ તરફથી નોમિનેશનની રેસમાં રહી શકે છે. કોલોરાડોની અદાલતે પોતાના નિર્ણયમાં જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ ટ્રમ્પ યુનાઈટેડ સ્ટેટ્સના બંધારણના ૧૪મા સુધારાની કલમ ૩ હેઠળ રાષ્ટ્રપતિ પદ સંભાળવા માટે અયોગ્ય છે. કોલોરાડોના છ મતદારોના જૂથે સપ્ટેમ્બરમાં ૨૦૨૪ માં ટ્રમ્પને રાજયમાં મતદાનમાં સામેલ થવાથી રોકવા માટે કેસ દાખલ કર્યો હતો. જેમાં દાવો કર્યો હતો કે તેઓ બંધારણીય જોગવાઈ દ્વારા પ્રતિબંધિત છે. કલમ ૩ હેઠળ 'કોઈ વ્યક્તિ' યુનાઈટેડ સ્ટેટ્સના અધિકારી તરીકે કામ કરશે નહીં જેણે અગાઉ ફેડરલ ઓફિસના શપથ લીધા હોય, યુનાઈટેડ સ્ટેટ્સ સામે 'બળવો અથવા રાજદ્રોહમાં સામેલ' હોય. કેસમાં દાવો કરવામાં આવ્યો હતો કે ટ્રમ્પે તેમના સમર્થકોના ટોળાને યુએસ કેપિટલમાં તોફાનો કરવા માટે ઉશ્કરવામાં આવ્યા હતા જે બળવાનું કૃત્ય હતું.

### લોકસભાની ચૂંટણી પહેલાં કોંગ્રેસને આંચકો

# ખંભાતના ધારાસભ્ય કોંગ્રેસના ચિરાગ પટેલે રાજીનામું આપ્યું

## કોંગ્રેસના ધારાસભ્ય રાજીનામાં બાદ ગૃહની સંખ્યા ઘટીને ૧૮૦ પર પહોંચી, ચિરાગ પટેલ રાજીનામું આપતા કોંગ્રેસનું સંખ્યાબળ તુટીને ૧૬ થઈ ગયું



અમદાવાદ,

દેશમા આગામી વર્ષે લોકસભાની ચૂંટણી યોજાનાર છે ત્યારે ગુજરાતમાં કોંગ્રેસને વધુ એક ઝટકો લાગ્યો છે.

ગુજરાતમાં થોડા દિવસો પહેલા જ આમ આદમી પાર્ટીના ધારાસભ્યએ પક્ષ સાથે છેડો ફાડીને રાજીનામું આપ્યુ હતું ત્યારે હવે ગુજરાત કોંગ્રેસના ખંભાતના ધારાસભ્ય રાજીનામુ આપ્યું છે. લોકસભાની ચૂંટણી પહેલા ગુજરાતના રાજકારણમાં ઉથલપાથલ જોવા મળી છે હજુ થોડા દિવસો પહેલા જ ગુજરાતમાં આમ આદમી પાર્ટીના વિસાવદર વિધાનસભા બેઠકના ધારાસભ્યની ભૂપત ભાયાણીએ વિધાનસભા ખાતે અધ્યક્ષ શંકર ચૌધરીને રાજીનામું આપ્યું હતું ત્યારે હવે ગુજરાત કોંગ્રેસના ખંભાત વિધાનસભા બેઠકના ધારાસભ્ય ચિરાગ પટેલે પણ આજે રાજીનામુ આપ્યું છે.

ગુજરાતમાં ૧૮૨ સભ્યોની વિધાનસભામાં આપના ધારાસભ્યભૂપત ભાયાણીના રાજીનામાં બાદ સંખ્યા ઘટીને ૧૮૧ થઈ હતી, ત્યારે હવે કોંગ્રેસના ધારાસભ્ય રાજીનામાં બાદ આ સંખ્યા ઘટીને ૧૮૦ પર પહોંચી ગઈ છે. આજે ચિરાગ પટેલ રાજીનામું આપતા કોંગ્રેસનું સંખ્યાબળ તુટીને ૧૬ થઈ ગયું છે. ચિરાગ પટેલ ૨૦૨૨ની વિધાસભાની ચૂંટણીમાં ખંભાતની બેઠક પરથી ભાજપના ઉમેદવાર મયુર રાવલને ૩૭૧૧ મતથી હરાવીને પ્રથમ વખત ચૂંટણી જીત્યા હતા.

# મહિલાને નિર્વસ્ત્ર કરી માર મારવા પર કર્ણાટક હાઈકોર્ટે નારાજગી વ્યક્ત કરી

નવી દિલ્હી,

કર્ણાટકના બેલાગવી જિલ્લામાં એક મહિલાને પહેલા કપડાં ઉતારવામાં આવ્યા અને પછી તેને થાંભલા સાથે બાંધીને મારવામાં આવી. આ કેસમાં કોર્ટે હાલમાં એવા લોકો પર દંડ લગાવવાની સલાહ આપી છે જેઓ મહિલાની હાલત જોતા રહ્યા પરંતુ ચૂપ રહ્યા. કોર્ટે કહ્યું છે કે તેમની પાસેથી દંડ વસૂલવામાં આવે અને પીડિત મહિલાને આપવામાં આવે. કર્ણાટકના બેલાગવી જિલ્લામાં એક મહિલાને પહેલા કપડાં ઉતારી, પછી થાંભલા સાથે બાંધીને માર મારવામાં આવ્યો.

આ ઘટનાની સુનાવણી હાઈકોર્ટમાં ચાલી રહી હતી, જે દરમિયાન હાઈકોર્ટે મહિલાની આ હાલતને લઈને આકરી ઝાટકણી કાઢી છે અને મહિલાની હાલત જોઈ ત્યાં ઉભા રહેલા લોકોને દંડ ફટકારવાની સલાહ આપી છે. હાઈકોર્ટે કહ્યું છે કે જે લોકો મૂક પ્રેક્ષક બન્યા હતા તેમની પાસેથી વસૂલવામાં આવેલ દંડ પીડિત મહિલાને આપવામાં આવે. તમને જણાવી દઈએ કે આ સમગ્ર મામલે સોમવારે સુનાવણી થઈ હતી, જે દરમિયાન હાઈકોર્ટની બેન્ચે ચિંતા વ્યક્ત કરી હતી. હાઈકોર્ટમાં ચીફ જસ્ટિસ પ્રસન્ના બી વરાલે અને જસ્ટિસ એનવાય કૃષ્ણા દીક્ષિતની ખંડપીઠે સમગ્ર મામલાને ફટકાર લગાવી છે.

છેલ્લી સુનાવણીમાં બેંચે કહ્યું હતું કે જે રીતે ભગવાન કૃષ્ણ મહાભારતમાં દ્રૌપદીના વસ્ત્રો ઉતારવાના સમયે તેની રક્ષા માટે આવ્યા હતા, તે રીતે હાલમાં કોઈ આવી રહ્યું નથી. તેમણે આ સમગ્ર ઘટનાને મહાભારતની દ્રૌપદીના અપહરણની ઘટના સાથે જોડીને કહ્યું કે આજના યુગમાં કોઈ કૃષ્ણ તેમના બચાવમાં નહીં આવે. કોર્ટે પોલીસ તપાસ પર પણ અસંતોષ વ્યક્ત કર્યો છે અને વિભાગને ફરીથી રિપોર્ટ સબમિટ કરવા કહ્યું છે. એટલું જ નહીં, બેંચે ટિપ્પણી કરી છે કે જે લોકો આ ઘટનાને જોઈ રહ્યા હતા તેમની પાસેથી દંડ વસૂલવો જોઈએ અને તે પીડિત મહિલાને આપવામાં આવે. તેમણે કહ્યું કે પહેલાના સમયમાં અંગ્રેજો પણ આવો ટેક્સ લગાવતા હતા.

## તંત્રી લેખ

# ન્યાયમાં વિલંબ

હાલમાં જ સુપ્રીમ કોર્ટે એક ટિપ્પણી કરી કે જામીન અરજીઓ પર વહેલી તકે સુનાવણી કરવી જોઈએ, કારણ કે તે લોકોની સ્વતંત્રતા સાથે જોડાયેલો વિષય છે, પરંતુ જેટલી જરૂરિયાત જામીન અરજીઓ પર વહેલી સુનાવણીની છે એટલી જ કેસોના નિકાલ કરવાની પણ છે. સમસ્યા એ છે કે જામીન અરજીઓનું સુનાવણીથી લઈને કેસોના નિકાલ સુધીની પ્રક્રિયા બહુ જ શિથિલ અને સમય ખપાવનારી છે. એ કહેવું મુશ્કેલ છે કે સુપ્રીમ કોર્ટે જામીન અરજીઓને લઈને જે ટિપ્પણી કરી, તેની કેટલી અસર પડશે અને સ્થિતિઓ બદલાશે કે નહીં. આ પ્રશ્ન એટલા માટે, કારણ કે થોડા સમય પહેલાં સુપ્રીમ કોર્ટે તારીખ પર તારીખની પદ્ઘતિને લઈને પોતાની ચિંતા વ્યક્ત કરી હતી, પરંતુ એ કહેવું મુશ્કેલ છે કે તેના દ્વારા ચિંતા વ્યક્ત કરાયા બાદ પણ સ્થિતિઓમાં કોઈ ઉલ્લેખનીય પરિવર્તન આવ્યું હોય. તારીખ પર તારીખનો ચીલો હજુ પણ ચાલુ જ છે. જામીન અરજીઓ પર વહેલી સુનાવણી મામલે પણ સુપ્રીમ કોર્ટે એ જ અનુભવ કર્યો કે વારંવાર આદેશ આપવા છતાં પણ સ્થિતિ જેમની તેમ છે. સુપ્રીમ કોર્ટે એનાથી ચિંતિત હોવી જોઈએ કે ન્યાયમાં વિલંબને લઈને તેના દ્વારા કરવામાં આવતી વાતોની જમીન પર કોઈ અસર થતી દેખાતી નથી. નીચલી અદાલતોથી માંડીને સુપ્રીમ કોર્ટ સુધી પડતર કેસોની સંખ્યા સતત વધતી જાય છે. હાલના એક આંકડા અનુસાર આ સંખ્યા પાંચ કરોડને પાર કરી ગઈ છે. જો એક પરિવારના સરેરાશ સભ્યોની સંખ્યા પાંચ માની લેવામાં આવે તો તેનો અર્થ છે કે લગભગ ૨૫ લાખ લોકો ન્યાય મળવાની રાહ જોઈ રહ્યા છે.

ન્યાયમાં વિલંબ એક પ્રકારનો અન્યાય છે. અદાલતોમાં પડતર કેસો લાંબા ખેંચાવાથી માત્ર આમ જનતાની ન્યાયિક તંત્ર પર આસ્થા જ કમજોર નથી થતી, બલ્કે તેમને માનસિક યાતના પણ સહન કરવી પડે છે. તે ઉપરાંત લોકોના સમય અને પૈસાની પણ બરબાદી થાય છે. આ એક વિટંબણા જ છે કે જ્યારે દરેક ક્ષેત્રમાં સુધાર થઈ રહ્યા છે તો ન્યાયપાલિકામાં સુધારની ગાડી આગળ વધતી નથી દેખાતી. ન્યાયમાં વિલંબને લઈને ખબર નહીં કેટલીય વાર ચિંતા વ્યક્ત કરાઈ ચૂકી છે, પરંતુ પરિણામ શૂન્ય જ રહ્યું છે. એવું એટલા માટે, કારણ કે એક નિશ્ચિત સમયમાં કેસનો નિકાલ કરવાની કોઈ ઠોસ પહેલ કરવામાં નથી આવતી. પડતર કેસોના નિકાલમાં વિલંબથી માત્ર લોકોએ જ પરેશાનીનો સામનો નથી કરવો પડતો, પરંતુ દેશની પ્રગતિ પણ અવરોધાય છે. એ સાચું કે પડતર કેસોના નિકાલ માટે અદાલતો સંસાધનોના અભાવનો સામનો કરી રહી છે અને તેને દૂર કરવાની સાથે જ ન્યાયાધીશોની સંખ્યા પણ વધારવાની જરૂર છે, પરંતુ એ સમજવું જરૂરી છે કે જો તારીખ પર તારીખ જેવી કુપ્રથાનું સમાધાન નહીં કરવામાં આવે તો ગમે તે કરવા છતાં પણ ઈચ્છિત પરિણામ નથી મળવાનું.

### અયોધ્યામાં જાન્યુઆરીમાં રામમંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

# અડવાણી-જોશીને મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં હાજર ન રહેવા અપીલ

## બંને વડીલ છે અને તેમની ઉંમરને ધ્યાનમાં રાખીને તેમને મંદિર ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાય દ્વારા વિનંતી કરવામાં આવી



નવી દિલ્હી,

ઉત્તર પ્રદેશના અયોધ્યામાં ૨૦૨૪માં રામ મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ થવાનો છે જેને લઈને રામ ભક્તોમાં ઉત્સાહ છે અને આ પ્રાણ પ્રતિષ્ઠામાં દેશભરમાંથી નેતાઓ, ક્રિકેટર સહિત અનેક જાણીતી હસ્તીઓ પણ ઉપસ્થિત રહેશે ત્યારે હવે મંદિર ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાયે ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણી અને મુરલી મનોહર જોશીને આ મહોત્સવમાં ન આવવાની અપીલ કરી છે. ઉત્તર પ્રદેશના અયોધ્યામાં લાંબા વર્ષોના સંઘર્ષ બાદ ૨૨મી જાન્યુઆરી ૨૦૨૪એ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ થવાનો છે જેમાં દેશભરમાંથી લાખો શ્રદ્ધાળુઓ પહોંચશે.

આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સમાં હાજરી આપવા માટે અનેક નેતાઓ, ક્રિકેટરો અને જાણીતી હસ્તીઓને પણ આમંત્રણ આપવામાં આવ્યુ છે ત્યારે હવે રામ જન્મભૂમિ તીર્થ ટ્રસ્ટના મહાસિચ ચંપત રાયે ગઈકાલે પ્રત્રકાર પરિષદમાં ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણી અને પૂર્વ કન્દ્રિય મંત્રી મુરલી મનોહર જોશીને આ મહોત્સવમાં ન આવવાની અપીલ કરી છે. ચંપત રાયે ગઈકાલે અડવાણી અને જોશીના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં હાજર રહેવાના પ્રશ્નના જવાબમાં કહ્યું હતું કે બંને વડીલ છે અને તેમની ઉંમરને ધ્યાનમાં રાખીને તેમને વિનંતી કરવામાં આવી છે કે તેઓ પ્રાણ પ્રતિષ્ઠા સમારોહમાં સામેલ ન થાય. ઉલ્લેખનીય છે કે આ બે નેતાઓ રામ મંદિર આંદોલનના સૌથી મોખરે હતા. સુપ્રીમ કોર્ટની પાંચ જજની બેંચે ૯ નવેમ્બર ૨૦૧૯એ ઐતિહાસિક હિન્દુ પક્ષમાં ચૂકાદો આપ્યો હતો. રામ મંદિરમાં લોકો ૨૩મી જાન્યુઆરીથી ભગવાન રામના દર્શન કરી શકશે. પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સ બાદ ઉત્તર ભારતની પરંપરા મુજબ ૨૪ તારીખથી ૪૮ દિવસ સુધી મંડલ પૂજા યોજાશે.

### મિનરલ વોટરની આડમાં નકલી ઘી બનતું હતું

# અમરેલીમાં સૌથી મોટા નકલી ઘીનાં રેકેટનો પર્દાફાશ

## પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરતાં મોડી રાતથી વહેલી સવાર સુધી ઘીના મોટા જથ્થાની ગણતરી શરૂ હતી

અમરેલી,

રાજયમાં અખાદ્ય જથ્થો મળવાનો સિલસિલો યથાવત છે. અમરેલી જીલ્લાનાં સૌથી મોટા નકલી ઘીનાં રેકેટનો પર્દાફાશ થયો છે. લીલીયાનાં પીપળવા ગામના રહેણાક નજીક ડૂબલિકેટ ઘીની ફેક્ટરી ઉપર મોડી રાતે દરોડા પાડવામાં આવ્યા હતા. લીલીયા **PSI** સિદ્ધરાજ સિંહ ગોહિલ, **DYSP** સહિતની ટીમ ત્રાટકી હતી. અમૃત મિનરલ વોટર પાણીનાં પ્લાન્ટની આડમાં મોટી માત્રામાં ઘીનો જથ્થો મળી આવ્યો હતો. ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમએ સેમ્પલ લીધા છે. પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરતાં મોડી રાતથી વહેલી સવાર સુધી ઘીના મોટા જથ્થાની ગણતરી શરૂ હતી. ઘીનાં રેક્ટનાં આરોપી અને મુદામાલ મુદ્દે આજે અમરેલી **SP** પ્રેસફરન્સ કરી શકે છે. નકલી ઘીનાં પેકેટમાં રાજુલા શહેરનું એડર્સ ઘી રેકેટનું કનેક્શનમાં રાજુલા પહોંચી શકે છે. ભેળસેળવાળુ ઘી ખૂબ જ સસ્તામાં તૈયાર થાય છે. જેના કારણે તેને અન્ય કરતા ઓછા ભાવે વેચીને પણ નફો મેળવી શકાય છે. આવી સ્થિતિમાં, લોકો વિચાર્યા વિના સસ્તામાં ઘીનો અમૂલ્ય લાભ મેળવવા માટે તૈયાર થઈ જાય છે.

પરંતુ ભેળસેળવાળું ઘી શરીરને કોઈ ફાયદો નથી પહોંચાડતું, ઊલટું નુકસાન કરી શકે છે. આવી સ્થિતિમાં, નકલી ઘી ઓળખવા માટે અમે તમારી સાથે ખૂબ જ સરળ ઉપાયો શેર કરી રહ્યા છીએ. ઘીમાં ભેળસેળ કરવા માટે વનસ્પતિ તેલ, ઓગાળેલા માખણ, ડાલ્ડા અને હાઈડ્રોજનયુક્ત તેલ જેવા સસ્તા અને નબળી ગુણવત્તાના તેલનો ઉપયોગ કરવામાં આવે છે. આ સિવાય તેમાં છૂંદેલા બટાકા અને શક્કરિયા પણ મિક્સ કરવામાં આવે છે. મીઠું મિનિટોમાં ઘીની શુદ્ધતા ઓળખી શકે છે. આ માટે એક વાસણમાં બે ચમચી ઘી મૂકો. આ વાસણમાં એક કે બે ટીપાં હાઈડ્રોક્લોરિક એસિડ ૧/૨ ચમચી મીઠું ભેળવીને મિશ્રણ તૈયાર કરો. હવે લગભગ ૨૦ મિનિટ સુધી ઘી છોડ્યા પછી તેનો રંગ ચેક કરો. જો ઘી લાલ કે અન્ય કોઈ રંગનું દેખાય તો તે ભેળસેળવાળું છે.

ઘીમાં ભેળસેળ છે કે નહીં તે ઓળખવા માટે પહેલા એક ગ્લાસમાં પાણી ભરો. પછી એક ચમચીમાં ઘી કાઢીને તેમાં નાખો. જો ઘી પાણીમાં તરતા લાગે તો તે શુદ્ધ છે. ઊલટું જો ઘી પાણીમાં ડૂબી જાય તો તેમાં ભેળસેળ થાય છે. ઘી અસલી છે કે નકલી તે ઓળખવા માટે તમારી હથેળી પર એક ચમચી ઘી લો અને તેને સારી રીતે ઘસો.

# ઈન્ડિયામાં ભાગલાના સંકેત, કેજરીવાલ બાદ મમતા પણ આડા ફાટ્યા

નવી દિલ્હી,

૨૦૨૪ની લોકસભાની ચૂંટણી પહેલાં વિપક્ષી ગઠબંધન ઈન્ડિયામાંની સૌથી મોટી પાર્ટી કોંગ્રેસને જબરજસ્ત ઝટકો લાગે તેમ છે. એક તરફ કેજરીવાલે પંજાબની તમામ ૧૩ સીટો પર આપના ઉમેદવારો ઉભા રાખવાની જાહેરાત કરી છે.

જ્યારે ટીએમસી નેતા મમતા બેનરજીએ ઉદારતા રાખી કોંગ્રેસને બે સીટો ફાળવવા સૂચન કર્યું છે. આવતીકાલે ૧૯ ડીસેમ્બરે ઇંડિયા ગઠબંધનની ચોથી મીટીંગ અહીં દિલ્હીમાં મળવાની છે.

જેમાં સીટ શેરિંગ અંગે ચર્ચા કરવાના ઈરાદાથી મમતા જવાના છે. ટીએમસીના સૂત્રો પ્રમાણે મમતા કોંગ્રેસ માટે માલદા અને બહરામપુર સીટો છોડવા તૈયાર છે. જો કે 'દીદી'એ આ અંગે કશું કહેવાનો ઈક્રાર કર્યો છે. દિલ્હી જતી ફ્લાઈટ પકડતા પહેલા તેમણે પત્રકારોને કહ્યું હતું કે, 'હું હજી સીટ શેરિંગ અંગે કશું કહી શકું નહી ૧૯ ડીસે.ની મીટીંગ પછી તમને ખબર પડશે.

જો કે, તેમના પક્ષે બે સીટો છોડવાનો સંકેત આપ્યો હતો. ટીએમસીએ જે બે સીટો છોડવાનો સંકેત આપ્યો છે તેમાં એક અધીર રંજન ચૌધરીની બહરામપુર સીટ છે, મુર્શીદાબાદ જિલ્લાની આ સીટ ઉપર સૌથી વધુ ૬૬ ટકા મુસ્લિમ વસ્તી છે ત્યાંથી કોંગ્રેસના અધીર રંજન ચૌધરી ૧૯૯૯થી સતત સાંસદ તરીકે ચૂંટાઈ આવ્યા છે.'

# સંસદમાંથી વધુ ૪૯ સાંસદો સહિત કુલ ૧૪૧ સભ્યોને સસ્પેન્ડ કરવામાં આવ્યા



નવી દિલ્હી,

સંસદમાં અત્યારે સત્તાપક્ષ અને વિરોધપક્ષો વચ્ચે જોરદાર ધમાલ ચાલી રહી છે જેમાં વિપક્ષના સાંસદો સામે સસ્પેન્શનનું હથિયાર ઉગાવવામાં આવ્યું છે. આજે લોકસભામાંથી વિપક્ષના ૪૯ સાંસદોને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. આ સાથે જ આ વખતે સસ્પેન્ડ થયેલા સાંસદોની સંખ્યા ૧૪૧ સુધી પહોંચી ગઈ છે. તેમાં રાજ્યસભા અને લોકસભા બંનેના સભ્યોનો સમાવેશ થાય છે.

ગયા અઠવાડિયે સંસદભવનમાં બે લોકો ગેરકાયદે ઘૂસી આવ્યા હતા અને સુરક્ષા વ્યવસ્થાનો ભંગ કર્યો હતો. આ મામલે ગૃહમંત્રી અમિત શાહ નિવેદન આપે તેવી માંગણી કરીને વિપક્ષોએ હંગામો મચાવ્યો છે. કેટલાક સભ્યો અમિત શાહના રાજીનામાની માંગણી કરે છે તેથી સંસદના બંને ગૃહોમાંથી સાંસદોને સસ્પેન્ડ કરવામાં આવી રહ્યા છે. આ લોકો આખા સત્ર દરમિયાન સંસદમાં આવી નહીં શકે. સોમવારે સંસદમાંથી ૭૯ સાંસદોને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા જે એક રેકોર્ડ હતો. ત્યાર પછી આજે વધુ ૪૯ સાંસદોને સસ્પેન્ડ કરાયા છે. તેના કારણે હવે સંસદમાં વિરોધપક્ષના સાંસદોની કોઈ શક્તિ જ રહી નથી. તમામ સાંસદોને તેમની ગેરવર્તણૂકના કારણોસર ગૃહમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ગૃહમાંથી સસ્પેન્ડ થયા પછી સાંસદોએ બહાર ઉભા રહીને સરકાર વિરુદ્ધ નારેબાજી કરી હતી. તેમનું કહેવું છે કે સરકાર વિરોધપક્ષોની વાત સાંભળતી નથી અને સરમુખત્યારશાહી ચલાવે છે. સસ્પેન્ડ થયેલા સાંસદોમાં કોંગ્રેસના શશી થરૂર, મનીષ તિવારી અને કાર્તિ ચિદમ્બરમ, એનસીપીના સુપ્રીયા સૂળે, સમાજવાદી પાર્ટીના ડિમ્પલ યાદવ, તૃણમુલ કોંગ્રેસના સુદીપ બંદોપાધ્યાય સામેલ છે.

### દક્ષિણ પશ્ચિમ આઈસલેન્ડના રેકજન્સ નામના ટાપુ પર સતત ભૂકંપના આંચકા

# ૮૦૦ ભૂકંપ બાદ આઈસલેન્ડમાં જ્વાળામુખી ફાટ્યો, જમીનમાં ૩.૫ કિમી તિરાડ પડી

## જ્વાળામુખીનો લાવા પ્રતિ સેકંડ ૧૦૦થી ૨૦૦ ક્યૂબિક મીટરના દરે વહી રહ્યો છે

રેકઝાવિક,

આઈસલેન્ડમાં ૮૦૦ જેટલા ભૂકંપો બાદ આખરે જ્વાળામુખી વિસ્ફોટ થયો છે. દેશના હવામાન વિભાગે કહ્યુ હતુ કે, દક્ષિણ પશ્ચિમ આઈસલેન્ડના રેકજન્સ નામના ટાપુ પર છેલ્લા કેટલાય સપ્તાહથી ભૂકંપના એક પછી એક આંચકા આવી રહ્યા હતા અને હવે તેના પરનો એક જ્વાળામુખી ફાટયો છે. સોમવારે રાત્રે લગભગ નવ વાગ્યે ભૂકંપના ઝાટકાનો નવો દોર શરૂ થયો હતો અને આખરે રાત્રે ૧૦ વાગ્યે ભારે ધડાકા સાથે જ્વાળામુખી ફાટયો હતો. જ્વાળામુખી ફાટવાના કારણે જમીનમાં ૩.૫ કિલોમીટર લાંબી તિરાડ પડી છે અને તેમાં જ્વાળામુખીનો લાવા પ્રતિ સેકંડ ૧૦૦થી ૨૦૦ ક્યૂબિક મીટરના દરે વહી રહ્યો છે. વિસ્ફોટ જે જગ્યાએ થયો છે તેની ચોકક્સ જાણકારી મેળવવા માટે કોસ્ટ ગાર્ડના એક હેલિકોપ્ટરને કામે લગાડવામાં આવ્યુ છે. સરકારે સિવિલ ડિફેન્સના એલર્ટને હવે ઈમરજન્સીમાં ફેરવી



નાંખ્યુ છે. લોકોને વિસ્ફોટના સ્થળની નજીક નહીં જવા માટે અપીલ કરવામાં આવી છે.

જ્વાળામુખી નજીક ગ્રિંડાવિક નામનુ શહેર આવેલુ છે. જેના તમામ રસ્તા અને અવર જવર બંધ કરી દેવામાં આવી છે. જેમાં અહીંથી પસાર થતા એક હાઈવેનો પણ સમાવેશ થાય છે. આઈસલેન્ડની રાજધાની રેકઝાવિકમાંથી પણ જ્વાળામુખી વિસ્ફોટને જોઈ શકાય છે. દેશના વડાપ્રધાન કેટરિન જેકબ્સડોટિરે કહ્યુ છે કે, તાજેતરમાં જ જ્વાળામુખીની અસરને ઓછી કરવા માટે સંરક્ષણ દિવાલ બનાવવમાં આવી છે અને સ્થાનિક લોકો સાથે સરકાર ઉભી છે. જોકે જ્વાળામુખી ફાટવાના એંધાણ ઘણા વખતથી મળી રહ્યા હતા અને ૧૦ નવેમ્બરે જ ગ્રિંડાવિક શહેરા ૪૦૦૦ લોકોને બીજે ખસેડવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, ૨૦૧૦માં આઈસલેન્ડનો એક જ્વાળામુખી ફાટ્યો હતો અને તેના કારણે નિકળેલી રાખ અને ધૂમાડો આકાશમાં એ હદે છવાયો હતો કે, બીજા વિશ્વ યુધ્ધ બાદ પહેલી વખત યુરોપના સૌથી મોટા એર રૂટને બંધ કરવો પડ્યો હતો.

# અયોધ્યાના રામ મંદિરની ચરણ પાદુકા સોમનાથ લવાઈ

## અયોધ્યા ખાતે ભગવાન શ્રીરામનું ભવ્ય મંદિર નિર્માણ પામી રહ્યું છે, આગામી ૨૨ જાન્યુઆરીએ પ્રાણ પ્રતિષ્ઠા થશે

સોમનાથ,

અયોધ્યા ખાતે નિર્માણ પામી રહેલા ભવ્ય અને દિવ્ય રામમંદિરમાં ભગવાનને સોનાની ચરણ પાદુકા અર્પણ કરવામાં આવશે. આ ચરણ પાદુકા એક કિલો સોનુ અને ૭ કિલો ચાંદી માંથી તૈયાર થઈ છે.આ ચરણ પાદુકા દેશ ભરના મહત્વના મંદિરોમાં લોકોના દર્શનાર્થે રાખવામાં આવી રહી છે. આગામી ૧૯ જાન્યુઆરીએ અયોધ્યા શ્રીરામ મંદિર ખાતે પ્રસ્થાપિત કરવામાં આવશે. ત્યારે તે પહેલાં આ પાદુકાજી પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ ખાતે આવી પહોંચી હતી. જેમનું સોમનાથ ટ્રસ્ટ દ્વારા ભવ્ય અભિવાદન કરવામાં આવ્યું હતું. અયોધ્યા ખાતે ભગવાન શ્રીરામનું ભવ્ય મંદિર નિર્માણ પામી રહ્યું છે. આગામી ૨૨-જાન્યુઆરીએ પ્રાણ પ્રતિષ્ઠા થશે. આ સમયે ભગવાન શ્રીરામની સોના અને ચાંદી વડે બનેલી ચરણ પાદુકાજી મંગળવારે પ્રથમ જ્યોર્તિલિંગ સોમનાથ મહાદેવ ખાતે લાવવામાં આવી હતી. સોમનાથ મંદિર ખાતે ભગવાન શ્રીરામની ચરણ પાદુકાનું પૂજન અર્ચન કરવામાં આવ્યું હતું. તો સોમનાથ સ્થિત રામ મંદિર ખાતે પણ આ ચરણ પાદુકાની પૂજા વિધિ કરવામાં આવી હતી.

આ ચરણ પાદુકાને હૈદરાબાદ સ્થિત ચલ્લા શ્રીનિવાસ શાસ્ત્રીએ બનાવેલી છે. શાસ્ત્રીજી દ્વારા આ ચરણ પાદુકાને હાથમાં લઈને શ્રીરામ જન્મભૂમિ પરિસરની ૪૧ વખત પરિક્રમા પણ કરી ચુક્યા છે. સોમનાથથી આ ચરણ પાદુકા બદ્રીનાથ ખાતે જશે. આ પાદુકા ૧ કિલો સોના અને ૮ કિલો ચાંદી વડે બનેલી ભગવાન શ્રીરામની ચરણ પાદુકા દર્શન અને પૂજન કરી સોમનાથ ટ્રસ્ટ અને ભક્તો ધન્ય બન્યા હતા. ત્યારે ૧૯મી ડિસેમ્બર મંગળવારના રોજ સોમનાથ જ્યોતિર્લિંગ ધામમાં આ પાદુકા લાવવામાં આવેલ જેનું સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી જે ડી પરમાર સાહેબ, જનરલ મેનેજર વિજયસિંહ ચાવડા, સ્થાનિય ભૂદેવો અને પધારેલ ભક્તો દ્વારા પુષ્પ વર્ષા અને ફુલહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું. સોમનાથ જ્યોતિર્લિંગ સમક્ષ પ્રભુ શ્રીરામ માટે બનેલ આ પાદુકાને વિરાજમાન કરીને સોમનાથ મંદિરના પૂજારી દ્વારા વિધિ વિધાનથી તેનું પાદુકા પૂજન કરવામાં આવ્યું હતું.

ભગવાન શ્રીરામની સોના અને ચાંદી વડે બનેલી ચરણ પાદુકાજી મંગળવારે પ્રથમ જ્યોર્તિલિંગ સોમનાથ મહાદેવ ખાતે લાવવામાં આવી હતી.

# પ.બંગાળના આગામી મુખ્યમંત્રી તરીકે અભિષેક બેનર્જી હોટફેવરિટ

કોલકાતા,

૧૯૯૮માં જ્યારે મમતા બેનર્જીએ કોંગ્રેસ છોડીને તૃણમૂલ કોંગ્રેસનું ગઠન કર્યું ત્યારે બંગાળમાં કોંગ્રેસના ઘણા મોટા નેતાઓ તેમની સાથે આવ્યા હતા. જોકે લાંબી લડાઈ બાદ વર્ષ ૨૦૧૧માં જ્યારે તૃણમૂલ કોંગ્રેસે બંગાળની સત્તા પરકબજો કર્યો ત્યારબાદથી રાજ્યના રાજકારણમાં મમતા બેનર્જીના ઉત્તરાધિકારી અંગે હંમેશા અટકળો લગાવવામાં આવી રહી છે. તેમની જગ્યા કોણ લેશે તે અંગે વારંવાર ચર્ચા થતી આવી છે.

હવે જ્યારે મમતાના ભત્રીજા અભિષેક બેનર્જીએ રાજનીતિમાં પોતાની મજબૂતી સાબિત કરી દીધી છે ત્યારે સ્પષ્ટ થઈ ગયું છે કે તેઓ રાજ્યના આગામી મુખ્યમંત્રી બનવા જઈ રહ્યા છે. તેના પર પાર્ટીના પ્રવક્તા કુણાલ ઘોષે પણ મહોર લગાવી દીધી છે. સોમવારે તેમણે કહ્યું કે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીના ભત્રીજા અને તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી)ના રાષ્ટ્રીય મહાસચિવ અભિષેક બેનર્જી તેમની ફોઈના સ્થાને મુખ્યમંત્રીનું પદ સંભાળશે. કુણાલ ઘોષનું આ નિવેદન પંશ્ચિમ બંગાળની સત્તારુઢ પાર્ટી ટીએમસીમાં રાજનેતાઓની યુવા પેઢી સામે જૂના નેતાઓ વચ્ચે ચાલી રહેલા વિવાદ વચ્ચે આવ્યું છે. તેની શરૂઆત ગત નવેમ્બર મહિનાના અંતમાં થઈ હતી. જ્યારે બે વખતના સાંસદ અને ટીએમસીના મહાસચિવ અભિષેક બેનર્જીએ કહ્યું કે, ભલે રાજનીતિ હોય કે, કોઈ અન્ય ક્ષેત્ર મારું માનવું છે કે, ઉચ્ચ વય મર્યાદા હોવી જોઈએ. એક વ્યક્તિ જે કામ ૩૦ વર્ષની ઉંમરમાં કરે છે તે ૩૫ અથવા ૫૦ વર્ષના લોકો પણ કરી શકે છે પરંતુ ૮૦ વર્ષનો વ્યક્તિ તે કામ ન કરી શકે. પશ્ચિમ બંગાળના હુગલી જિલ્લાના ચુચુરામાં મીડિયાને સંબોધિત કરતા કુણાલ ઘોષે કહ્યું કે મમતા બેનર્જી ૨૦૩૬ સુધી સેવા આપતા રહેશે અને ત્યારબાદ ભત્રીજો અભિષેક બેનર્જી તેમનું સ્થાન લેશે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીની સ્થિતિ અંગે સ્પષ્ટતા કરતા ટીએમસીના પ્રવક્તાએ કહ્યું કે, અમે પુષ્ટિ કરી રહ્યા છીએ કે અમે મમતા દીદીના નેતૃત્વમાં ચૂંટણી લડીશું અને અભિષેક બેનર્જી સેનાપતિ હશે.

### પાંચ હજાર ડાયમંડ અને બે કિલો ચાંદીનો કરાયો ઉપયોગ

# સુરતના જ્વેલર્સે રામ મંદિરની થીમ પર બનાવ્યો હીરાનો નેકલેસ

## ભગવાન રામનું જન્મસ્થળ અયોધ્યા ભારતના લોકો માટે આધ્યાત્મિક, ઐતિહાસિક અને સાંસ્કૃતિક મહત્વ ધરાવે છે








સુરત,

સુરતના એક હીરાના વેપારીએ ૫૦૦૦ અમેરિકન ડાયમંડ અને બે કિલો ચાંદીનો ઉપયોગ કરીને રામ મંદિરની થીમ પર નેકલેસ બનાવ્યો છે. ૪૦ કારીગરોએ ૩૫ દિવસમાં ડિઝાઇન પૂર્ણ કરી હતી. રસેશ જ્વેલર્સના ડાયરેક્ટર કૌશિક કાકડિયાએ જણાવ્યું કે નેકલેસમાં ૫૦૦૦થી વધુ અમેરિકન હીરાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તે બે કિલોગ્રામ ચાંદીથી બનેલું છે. સરસાણા જ્વેલરી એક્સપો દ્વારા આયોજિત એક્ઝિબિશનમાં રામમંદિરનો દરબાર અને મૂર્તિ મુકવામાં આવી છે. સુરતના એક હીરાના વેપારીએ ૫૦૦૦થી વધુ અમેરિકન હીરાનો ઉપયોગ કરીને રામ મંદિરની થીમ પર નેકલેસ બનાવ્યો છે.

હીરાના વેપારીએ તેને અયોધ્યામાં રામ મંદિર માટે ભેટ આપવાનો નિર્ણય કર્યો છે. ચાંદી અને અમેરિકન હીરાથી બનેલા આ નેકલેસ ઉપરાંત સુરતના વેપારીએ સોના-ચાંદીમાંથી રામ દરબારની સાથે સાથે ભગવાન રામ, લક્ષ્મણ, સીતા અને હનુમાનજીની મૂર્તિઓ પણ બનાવી છે. જે સરસાણા જ્વેલરી એક્સપોમાં પ્રદર્શિત કરવામાં આવી હતી. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટે આવતા વર્ષે ૨૨ જાન્યુઆરીએ બપોરે રામ મંદિરના ગર્ભગૃહમાં રામ લલ્લાને બિરાજમાન કરાવવાનો નિર્ણય લીધો. ભગવાન રામનું જન્મસ્થળ અયોધ્યા ભારતના લોકો માટે આધ્યાત્મિક, ઐતિહાસિક અને સાંસ્કૃતિક મહત્વ ધરાવે છે. રસેશ જ્વેલર્સના ડાયરેક્ટર કૌશિક કાકડિયાએ જણાવ્યું કે નેકલેસમાં ૫૦૦૦થી વધુ અમેરિકન હીરાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તે બે કિલોગ્રામ ચાંદીથી બનેલું છે. અમે અયોધ્યામાં નવનિર્મિત રામ મંદિરથી પ્રેરિત છીએ. તેમણે કહ્યું હતું કે આ કોઈ વ્યવસાયિક હેતુ માટે નથી. અમે તેને રામ મંદિરમાં ભેટ આપવા માંગીએ છીએ. અમે એ ઈરાદાથી બનાવ્યું હતું કે અમે પણ રામ મંદિર માટે કંઈક ભેટ આપવા ઈચ્છીએ છીએ. તેમણે કહ્યું કે રામાયણના મુખ્ય પાત્રોને હારમાં દર્શાવવામાં આવ્યા છે. રામ દરબાર અને મૂર્તિઓ અયોધ્યા મોકલવામાં આવશે, જે રામ મંદિરની ભવ્યતાને વધારવામાં ફાળો આપશે. તેને બનાવનાર કારીગરોએ કહ્યું કે અમે અમારી કળા અને કારીગરી દ્વારા અમારું સન્માન આપવા માંગતા હતા.

# યુ.કેના વિઝા આપવાના નામે એક કરોડથી વધુની છેતરપિંડી

સુરત,

નોકરી વાંચ્છુક પાસેથી યુકેના વિઝા અપાવવાના નામે રૂપિયા ૧.૦૫ કરોડ જેટલી રકમ ખંખેરી ભૂગર્ભમાં ઊતરી ગયેલી બંટી બબલીની જોડી પૈકીના એક આરોપીની આર્થિક ગુના નિવારણ શાખા દ્વારા દિલ્હી ખાતેથી ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે. જ્યારે ફરાર આરોપીની પત્નીની પણ શોધખોળ હાથ ધરવામાં આવી છે. મહત્વનું છે કે, બંટી-બબલીની જોડી **facebook** ના માધ્યમ થકી નોકરી વાંચ્છુકને યુકેના વિઝા અપાવવાની લાલચ આપી સુરતના વેસુ સ્થિત ઓફિસે મળવા માટે બોલાવતા હતા. ત્યાં નોકરી વાંચ્છુક પાસેથી લેખિતમાં કરાર કરી ૧૫ લાખ રૂપિયા જેટલી રકમ નક્કી કરવામાં આવતી હતી.

જે પૈકી પાંચ લાખ રૂપિયા જેટલી રકમ એડવાન્સ પેટે પડાવી લેવામાં આવતી હતી. સુરતના ઉમરા વિસ્તારમાં ઓફિસ શરૂ કરી નોકરી વાચ્છુકોનો ફેસબુકના માધ્યમથી સંપર્ક કરી યુકેના વિઝા અપાવવાના નામે એક કરોડથી વધુની રકમ બંટી-બબલીની જોડીએ ખંખેરી લીધા હતા. ઉમરા પોલીસ મથકમાં નોંધાયેલ ફરિયાદ મુજબ, યુસુફ ખાન પઠાણ અને તેની પત્ની રિવ્યાના ખાન પઠાણ દ્વારા ઉમરા પોલીસ મથકની હદમાં આવેલા વેસુ ખાતે ઓફિસ શરૂ કરવામાં આવી હતી. **Facebook** ના માધ્યમથી નોકરી વાંચ્છુકોનો સંપર્ક કરી યુ.કે ના વિઝા અપાવવાના નામે પોતાની ઓફિસે બોલાવવામાં આવતા હતા. જ્યાં બાંહેધરી કરાર લખાવી ૧૫ લાખ રૂપિયામાં યુકેના વિઝા અપાવવાની લાલચ આપવામાં આવતી હતી. જેનું એડવાન્સ પેટે વ્યક્તિ દીઠ પાંચ લાખ રૂપિયા લેવામાં આવતા હતા. આ રીતે બંટી બબલી ની જોડીએ કુલ ૨૧ જેટલા નોકરી વાંચ્છુકો પાસેથી ૧.૦૫ કરોડ રૂપિયા જેટલી રકમ પડાવી લેવામાં આવી હતી.

# ઉનાવા માર્કેટ યાર્ડમાં કપાસના ભાવે ખેડૂતોને નિરાશ કર્યા

મહેસાણા,

ઉત્તર ગુજરાતમાં આવેલી ઉનાવા માર્કેટ યાર્ડમાં કપાસ,તમાકુ અને એરંડાની સૌથી વધારે આવક થતી હોય છે. તેવામાં ૧૯ ડિસેમ્બરે મહેસાણાના ઉનાવા માર્કેટ યાર્ડમાં કપાસની આવકમાં થોડી તેજી જોવા મળી છે. યાર્ડમાં કપાસની ૩૮૦૦ મણ આવક થઈ હતી.

જેનો નીચો ભાવ ૧૨૦૫ અને ઊંચો ભાવ ૧,૪૪૮ પ્રતિ મણ નોંધાયો હતો. આજે કપાસના ભાવમાં ૧૦૦ રૂપિયાનો ઘટાડો જોવા મળ્યો છે. ઉત્તર ગુજરાતમાં કાર્યરત ઉનાવા માર્કેટ યાર્ડમાં કપાસ, તમાકુ અને એરંડાની મબલખ આવક થતી હોય છે. યાર્ડમાં કપાસની લગભગ ૩૮૦૦ મણની આવક નોંધાઈ હતી. જેનો નીચો ભાવ ૧૨૦૫ તેમજ ઊંચો ભાવ ૧, ૪૪૮ પ્રતિ મણ નોંધાયો હતો. નવી આવકની સાથે કપાસના ભાવમાં ૧૦૦ રૂપિયાનો ઘટાડો જોવા મળ્યો હતો. ઉલ્લેખનીય છે કે, હાલમાં પડેલા કમોસમી વરસાદના કારણે ખેડૂતોના કપાસ પાકમાં નુકસાની જોવા મળી હતી. છેલ્લા અઠવાડિયામાં કપાસની આવકમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે અને તેના ભાવમાં પણ ૭૦ થી ૧૦૦ રૂપિયા જેટલો ઘટાડો જોવા મળી રહ્યો છે.

ઉત્તર ગુજરાતના લગભગ દરેક માર્કેટ યાર્ડમાં સૌથી વધારે આવક એરંડાની આવતી હોય છે. આજે ઉનાવા માર્કેટ યાર્ડમાં એરંડાની ૧૫૭ બોરીની આવક થઈ હતી.જેનો ખેડૂતોને ૧૧૬૧ રૂપિયાથી લઈને ૧,૧૭૨ રૂપિયા ભાવ મળ્યો હતો. છેલ્લા અઠવાડિયાથી ભાવમાં ૫૦ નો ઘટાડો જોવા મળ્યો છે. ઉનાવા માર્કેટ યાર્ડના ચેરમેન રાજેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, માર્કેટ ઉઘડતાની સાથે જ નવા કપાસની હરાજી શરૂ કરાઈ હતી.

# જાન્યુ.માં ભાજપનું ઓપરેશન લોટસ પાર્ટ-૨ શરૂ થશે

અમદાવાદ,

લોકસભા ચૂંટણી ૨૦૨૪ અગાઉ ગુજરાતમાં ભાજપે 'ઓપરેશન લોટસ' શરૂ કરી દીધું છે. ગઈકાલે કોંગ્રેસના ધારાસભ્ય ચિરાગ પટેલે ધારાસભ્ય પદેથી રાજીનામું આપી દીધું હતું. રાજીનામા બાદ ચિરાગ પટેલ ભાજપમાં જોડાય તેવી અટકળો શરૂ થઇ ગઇ છે. અગાઉ આપના ધારાસભ્ય ભૂપત ભાયાણી પણ રાજીનામું આપીને ભાજપમાં જોડાઇ ગયા છે. ભારતીય જનતા પાર્ટીના ગુજરાતના અધ્યક્ષ સી આર પાટીલે સંકલ્પ કર્યો હતો કે લોકસભાની આગામી ચૂંટણીમાં ગુજરાતની તમામ ૨૬ બેઠકો ૫ લાખ મતની લીડથી જીતવી છે. ટાર્ગેટ એવો છે કે, વિપક્ષના લોકોને ભાજપમાં જોડવા પડશે. કારણકે દરેક લોકસભા બેઠકમાં અંદાજિત ૮.૫ લાખથી ૯ લાખ જેટલા મત છે. તેમાં ૫ લાખની લીડ મેળવવી એટલે ત્રણ ભાગના મત ભાજપને મળે તો શક્ય છે. ૫ લાખની લીડનો સંકલ્પ પૂર્ણ કરવા ઓપરેશન લોટસ શરૂ કરવામાં આવ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ઓપરેશન લોટસ બે તબક્કામાં પાર પડવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો પહેલો તબક્કો ગયા સપ્તાહથી શરૂ થયો છે. પહેલા તબક્કામાં વિપક્ષના સીટિંગ **MLA**ને રાજીનામા આપવી ભાજપમાં જોડાવાનું આયોજન છે. ડિસેમ્બરના અંત સુધી કે જાન્યુઆરીના પ્રથમ સપ્તાહ સુધી આ તબક્કો ચાલશે. ત્યારબાદ જાન્યુઆરીમાં ઓપરેશન લોટસનો બીજો તબક્કો શરૂ થશે. જેમાં વિપક્ષના તાલુકા - જિલ્લા પંચાયતના સભ્યો, પૂર્વ સભ્યો, પૂર્વ ધારાસભ્યો અને પૂર્વ સંસદ સભ્યોને ભાજપમાં ભેળવવાનું આયોજન કરવામાં આવ્યું છે. જાન્યુઆરીમાં અંત સુધીમાં આ તબક્કો પણ પૂર્ણ કરવામાં આવશે. તાલુકા-જિલ્લા પંચાયતના વર્તમાન અને પૂર્વ સભ્યોને ભાજપમાં જોડવામાં આવશે. વર્તમાન ધારાસભ્યોની જેમ પૂર્વ ધારાસભ્યોની કમલમમાં વેલકમ પાર્ટી થશે. કોંગ્રેસના પૂર્વ સાંસદો પણ ઓપરેશન લોટસ અંતર્ગત ભાજપમાં જોડાશે. લોકસભાની ચૂંટણી પહેલા ભાજપે શરૂ કર્યું છે ઓપરેશન લોટસ. આ અંતર્ગત આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ભૂપત ભાયાણી બાદ હવે કોંગ્રેસમાં ભંગાણ કરવામાં ભાજપ સફળ રહી છે. આજે કોંગ્રેસમાં ભૂકંપ તો ત્યારે સર્જાયો જ્યારે ખંભાતના કોંગ્રેસના ધારાસભ્ય ચિરાગ પટેલે રાજીનામું ધરી દીધું હતું. આવનારા દિવસોમાં હજુ પણ વધુ ધારાસભ્યો રાજીનામા આપશે તેવી ચર્ચા ચાલી રહી છે. વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીને રાજીનામું આપ્યા બાદ ચિરાગ પટેલે મીડિયા સાથેની વાતચીતમાં કહ્યું કે કોંગ્રેસમાં જૂથવાદ ચરમસીમાએ છે.

Publisher, Printer and Owner : VIJYABEN VANRAJSINH SISIDIYA • Printed at : Dharti Printers,
C/3, Shankar Chambers (Basement), Nr. H. K. Huose, Opp. Mrudul Tower, Ashram Road, Ahmedabad and published from Junagadh
C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office,Meeranagar Main Road, Junagadh-362001 (Gujarat) • Editor : Vijyaben Vanrajsinh Sisidiya